સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, જિ.બનાસકાંઠા

:: જાહેર નિવિદા ::

## (૧) તાંત્રિક પ્રકારની તથા

## (૨) સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરીની સેવાઓ પૂરી પાડવા માટે પ્લેસમેન્ટ એજન્સીઓ નકકી કરવા અંગે

આ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરીઓમાં **(૧) "તાંત્રિક પ્રકારની તથા (૨) સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટે"** ઈસમો અગીયાર માસ માટે પૂરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી પૂર્વ લાયકાત (Technical bid) અને ભાવપત્રક (Financial bid) ના ટેન્ડર્સ મંગાવવામાં આવે છે, જેની તમામ વિગતો www.nprocure.com તેમજ આ યુનિવર્સિટીની વેબસાઈટ www.sdau.edu.in લીંક પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેથી સબંધિત એજન્સીઓએ સદર વેબસાઈટ ઉપરથી ટેકનીકલ બીડ ડાઉનલોડ કરવાના રહેશે.

સ્થળ : સરદારકૃષિનગર.
તારીખ :–૧૯/૦૩/૨૦૧૮.

(એમ.પી.પટેલ)
ઈ./ચા.કુલસચિવ

## :: Details about Tender ::

| | |
|---|---|
| **Department Name** | S.D.AGRICULTURE UNIVERSITY |
| **Circle/Division** | S.D.AGRICULTURE UNIVERSITY |
| IFB No | 2 OF 2017-18 |
| Name of Project | PROVIDING **SKILLED / SEMI SKILLED / UN SKILLED** SERVICES FOR S.D.A.U. AT SARDARKRUSHINAGAR |
| Name of Work | PROVIDING **SKILLED / SEMI SKILLED / UN SKILLED** SERVICES FOR S.D.A.U. AT SARDARKRUSHINAGAR |
| Estimate Contract Value (ECV) | -- |
| Period Of Completion(in Months) | -- |
| Bidding Type | Open / Limited |
| Bid Call (Nos) | 2 |
| Tender Currency Type | TWO BEED SYSTEM |
| Tender Currency Settings | Indian Rupee(INR) |
| Joint Venture | Not Applicable |
| Rebate | Applicable |

**Amount Details**

| | |
|---|---|
| Bid Document Fee : | **Rs. 5000.00** |
| Bid Document Fee Payable To : | SDAU FUND A/C, DANTIWADA |
| Bid Security/EMD (INR) : | **Rs.200000.00** |
| Bid Security/EMD In Favour Of : | SDAU FUND A/C, DANTIWADA |

**Tender Dates**

| | |
|---|---|
| Bid Document Downloading Start Date | **23/03/2018** |
| Bid Document Downloading End Date | **13/04/2018: 15:00 hrs.** |
| Pre Bid Meeting | NO MEETING |
| Last Date & Time for Receipt of Bids | **13/04/2018: 18.00 hrs.** |
| Bid Validity Period | 120 Days |
| Remarks | Submission of EMD. Tender fee and other Documents during office hours on or before **date : 19/04/2018** in the office of REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR BY RPAD OR IN PERSION.<br>Phone : 02748-278226/278443 |
| Technical Bid Opening Date | **- /-/2018 : 00:00 hrs.** |
| Price bid Opening Date | Price bid opening schedule will be intimated to qualified bidders after opening of Technical bid. |

**Other Details**

| | |
|---|---|
| Officer Inviting Bids : | REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR. |
| Bid Opening Authority : | REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR. |
| Address : | REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR. |
| Contact Details : | 02748-278226/278443 |

## સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર
## :: ટેકનીકલ બીડ ફોર્મ ::

- એજન્સી / સંસ્થાનુંનામ ..........................................
- એજન્સી / સંસ્થા / ભાગીદારી પેઢી/ અન્યનો દરજજો ..........................................
- માલિકનું નામ/મેનેજીંગ ડીરેકટરનું નામ ..........................................
- રજીસ્ટર્ડ ઓફીસનું સંપૂર્ણ સરનામું ..........................................
  ગામ.......................... તાલુકો..........................................
  જિલ્લો........................ પીન કોડ ..........................................
  ટેલીફોન નંબર.................. મોબાઈલ નંબર..........................................
  ઈ–મેઈલ એડ્રેસ..........................................
- સંચાલક બ્રાન્ચ ઓફીસનું સંપૂર્ણ સરનામું ..........................................
  ગામ.......................... તાલુકો..........................................
  જિલ્લો........................ પીન કોડ ..........................................
  ટેલીફોન નંબર.................. મોબાઈલ નંબર..........................................
  ઈ–મેઈલ એડ્રેસ..........................................

પ્રતિ,
કુલસચિવશ્રી,
સ.દાં.કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર.

માલિક/મેનેજીંગ ડીરેકટરનો ફોટો લગાવવો

સાહેબશ્રી,

મે આપની યુનિવર્સિટી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ **"સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની"** કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેની તમામ શરતો અને બોલીઓ વાંચી છે. મને સદર બોલીઓ અને શરતો મંજુર છે.

### :: ભરેલ ટેન્ડરની વિગત ::

| અ. નં. | કામનું નામ | ઈ.એમ.ડી. રૂા. | ટેન્ડર ફી રૂા. | તારીખ |
|---|---|---|---|---|
| ૧. | **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની** કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર | | | |

# જુદા જુદા દસ્તાવેજોની વિગત

## (જે તે અરજદારની તમામ વિગતો ભરવી અને તેને લગતા દસ્તાવેજોની પ્રમાણિત નકલો જોડવી)

| ક્રમ | દસ્તાવેજોનું નામ | બિડાણના પેજ નંબર |
|---|---|---|
| ૧. | ૨. | ૪. |
| ૧. | પેઢી/દુકાન/ભાગીદારી પેઢી/કંપનીના રજીસ્ટ્રેશનની નકલ તેમજ ભાગીદારી પેઢી અને કંપનીના કિસ્સામાં ભાગીદારી દસ્તાવેજ, મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ, રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ વિગેરે રજુ કરવા :<br>આ પ્રકારના ડોકયુમેન્ટસમાં પેઢી/દુકાન/ભાગીદારી પેઢી/ કંપનીનારજીસ્ટ્રેશનનો નંબર; નોંધણી કરનાર અધિકારીનો હોદ્દો અને કચેરી; રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર આપ્યાની તારીખ તેમજ રજીસ્ટ્રેશનની માન્યતા કયાં સુધી માન્ય કરેલ છે, તેની તારીખની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'A'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૨. | પાનકાર્ડ:<br>આ સબબના ડોકયુમેન્ટસમાં પાનકાર્ડ ધરાવનાર વ્યકિત/ પેઢીનું નામ તેમજ પાનકાર્ડના નંબરની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'B'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૩. | વ્યવસાય વેરા નોંધણી નંબર :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબરઃ રજીસ્ટ્રેશન નંબર આપ્યા તારીખ; નોંધણી કરનાર અધિકારીનો હોદ્દો અને કચેરીની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'C'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૪. | છેલ્લા ત્રણ વર્ષના આવક વેરાના રીટર્નની વિગતો :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષ: ૨૦૧૫–૧૬, વર્ષ: ૨૦૧૬–૧૭ તેમજ વર્ષ : ૨૦૧૭–૧૮ ના રીટર્નની નકલ બીડવી. | **Appendix – 'D'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૫. | ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરેલ છેલ્લા ત્રણ વર્ષના ટર્ન ઓવરની વિગતો :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષ: ૨૦૧૫–૧૬ થી વર્ષ :૨૦૧૭–૧૮ ના ટર્નઓવરની નકલ બીડવી. | **Appendix – 'E'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૬. | ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરેલ છેલ્લા ત્રણ વર્ષના નફા/નુકશાનના પત્રકોની નકલો :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષ: ૨૦૧૫–૧૬ થી વર્ષ:૨૦૧૭–૧૮ ના નફા/નૂકશાનના પત્રકોની નકલ બીડવી | **Appendix – 'F'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૭. | ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરેલ છેલ્લા ત્રણ વર્ષના સરવૈયાના પત્રકોની નકલો<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષ: ૨૦૧૫–૧૬ થી વર્ષ:૨૦૧૭–૧૮ ના સરવૈયાની નકલ બીડવી. | **Appendix – 'G'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૮. | અનુભવના પ્રમાણપત્રો / આ પ્રકારના તેમજ આ કક્ષાના ઈસમો પૂરા પાડવાની સરેરાશ વાર્ષિક રૂા.૫૦ લાખની સેવાઓ સંતોષકારક રીતે પૂરી પાડવા અંગેના ગુજરાત સરકાર અથવા તેના જાહેર સાહસો ધ્વારા આપવામાં આવેલ છેલ્લા ત્રણ વર્ષના આદેશ પત્રો.<br>**(પરિશિષ્ટ–૩ માં વિગતો દર્શાવવી)** | **Appendix – 'H'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |

| ક્રમ | દસ્તાવેજોનું નામ | બિડાણના પેજ નંબર |
|---|---|---|
| ૧. | ૨. | ૪. |
| ૯. | રાજ્ય સરકાર અથવા તેના કોઈપણ જાહેર સાહસ ધ્વારા એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી, તે મતલબનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરેલ અસલ સોગંધનામુ **(પરિશિષ્ટ–૪ અનુસાર)** | **Appendix – 'I'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૦. | કર્મચારી પ્રોવિડન્ડ ફંડની નોધણી કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં કર્મચારી પ્રોવિડન્ડ ફંડનો નોધણી નંબર, નોધણી થયાની તારીખ, નોધણી કરનાર અધિકારી / સંસ્થાના નામની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'J'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૧. | અંદાજીત ૧૦૦ ઈસમોની સેવાઓ પુરી પાડવા અંગે માન્ય લેબર લાયસન્સની નકલ બીડવાની રહેશે. | **Appendix – 'K'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૨. | સર્વિસ ટેક્ષની નોધણી કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર, સર્વિસ ટેક્ષની નોધણી કરાવ્યાની તારીખ તેમજ સર્વિસ ટેક્ષની નોધણી કરનાર અધિકારીનો હોદ્દો અને કચેરીનું નામની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'L'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૩. | ટેન્ડર ફીના **રૂા.૫૦૦૦/–** ના ડીમાન્ડ ડ્રાફટની વિગત :<br>ડીમાન્ડ ડ્રાફટ નંબર :<br>તારીખ :<br>બેંકનું નામ : | **Appendix – 'M'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૪. | ઈ.એમ.ડી.ના **રૂા.૨.૦૦ લાખ**ના ડીમાન્ડ ડ્રાફટની આ યુનિવર્સિટીમાં જમા કરાવવાની પાવતીની નકલ. | **Appendix – 'N'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |

**નોંધ :–ટેકનીકલ બીડની સાથે પરિશિષ્ટ–૩ અને ૪ ઉપરાંત પરિશિષ્ટ–૧ અને ૨ની માહિતી પણ પૂરી પાડવાની રહેશે.**

હું / અમો જાહેર કરીએ છીએ કે, મારી / અમારી જાણ મુજબ ઉપર દર્શાવેલ તમામ માહિતી સાચી છે. વધુમાં અસલ દસ્તાવેજો રજુ કરવાની જરૂરીયાત ઉભી થશે તો હું / અમો અસલ દસ્તાવેજો નિયત સમય–મર્યાદામાં રજૂ કરવા બંધાયેલ છું / છીએ.

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

## પરિશિષ્ટ–૧

## વર્ષ ૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં ભરવામાં આવેલ ઈ.પી.એફ.ની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | માસ | ચલણ નંબર/તારીખ અને અન્ય વિગત હોય તો | રકમ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિક્કો

સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

## પરિશિષ્ટ–૨

## વર્ષ.૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં ભરવામાં આવેલ કામદાર વિમાના પ્રિમિયમની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | માસ | ચલણ નંબર/તારીખ અને અન્ય વિગત હોય તો | રકમ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

## સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

## પરિશિષ્ટ–૩

## રાજય સરકાર અને તેના સાહસોમાં સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટેના જુદા જુદા ઈસમો પૂરા પાડયા અંગેના અનુભવની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | રાજય સરકાર અને તેના સાહસોની કચેરીનું નામ | સમય ગાળો | | પૂરા પાડેલ ઈસમોનો પ્રકાર | પૂરા પાડેલ ઈસમોની કુલ સંખ્યા | ઈસમોને ચુકવેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| | | તારીખથી | તારીખ સુધી | | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

**સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર**

## પરિશિષ્ટ–૪

(અગાઉ સરકારી સંસ્થા ખાતે મેનપાવર સપ્લાયર તરીકેનું નામ બ્લેક લીસ્ટ થયેલ નથી તેનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી ધ્વારા પ્રમાણિત કરેલ સોગંધનામું જોડવું)

## : સોગંદનામું :

આથી હું / અમો નીચે સહી કરનાર શ્રી ............................................તે ..........................................ના માલીક, ધર્મે............................... ઉંમર વર્ષ આશરે ..........................., ધંધો.................................. ઠે..........................................ના તે આજરોજ મારા ધર્મના સોગંધ અને સત્ય પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું / જણાવીએ છીએ કે હું / અમો / ..................................ફર્મ/કંપનીના નામે .............................નો ધંધો કરું છું / કરીએ છીએ. અમારી પેઢી ઉપર કોઈ કેસ ચાલતો નથી કે, અમારી પેઢીને સરકારી કામકાજ માટે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી કે, અમારી પેઢી કોઈપણ સરકારી કામમાં ગેરરીતી કરતાં પકડાયેલ નથી. આ બાબતે હું / અમો સોગંધ ઉપર ખાતરી આપું છું / આપીએ છીએ.

**એજન્સીના માલિક / ભાગીદારની સહી ..................**
**એજન્સીના માલિક / ભાગીદારનું નામ..................**
**એજન્સીનો સિકકો**

:: પત્રક–(૧) ::

| સ્કીલ્ડ લેબર | | |
|---|---|---|
| અ.નં. | જગ્યાનું નામ | લઘુત્તમ લાયકાત |
| ૧. | ૨. | ૩. |
| ૧. | લુહાર | જે તે જગ્યા માટે નિયત કર્યા મુજબની શૈક્ષણિક લાયકાત |
| ૨. | સુથાર | –"– |
| ૩. | ડ્રાઈવર– (બસ / જીપ / ટ્રેકટર / રીક્ષા / એમ્બ્યુલન્સ) | –"– |
| ૪. | ઈલેકટ્રીશીયન | –"– |
| ૫. | ફિટર | –"– |
| ૬. | વેલ્ડર | –"– |
| ૭. | લેબોરેટરી ટેકનીશીયન | –"– |
| ૮. | કડીયો | –"– |
| ૯. | મીકેનીક / મીકેનીકલ ફોરમેન / ડીપ્લોમા સીવીલ / મીકેનીકલ / ઈલેકટ્રીકલ / કોમ્પ્યુટર | –"– |
| ૧૦. | મીડવાઈફ / નર્સ | –"– |
| ૧૧. | વાયરમેન | –"– |
| ૧૨. | ડ્રાફટસમેન | –"– |
| ૧૩. | બેકરી ઈન્સ્ટ્રકટર | –"– |
| ૧૪. | ડીપ્લોમા ઈન કૃષિ / વેટરનરી / હોર્ટી / હોમસયાન્સ / ફોરેસ્ટ્રી / ડેરી | –"– |
| ૧૫. | પાવર ટીલર ઓપરેટર | –"– |
| ૧૬. | ડેટા ઓપરેટર / કોમ્પ્યુટર ઓપરેટર / કોમ્પ્યુટર પ્રોગ્રામર / કમ્પાઉન્ડર / વીડીયોગ્રાફર / ફોટોગ્રાફર | –"– |
| ૧૭. | કલાર્ક / કલાર્ક–ટાઈપીસ્ટ / ઓફીસ આસીસ્ટન્ટ | –"– |
| ૧૮. | સ્ટેનોગ્રાફર | –"– |
| ૧૯. | બાલમંદિર શિક્ષિકા | –"– |
| ૨૦. | બાલવાડી શિક્ષિકા | –"– |
| ૨૧. | પ્રાથમિક શિક્ષક | –"– |
| ૨૨. | માધ્યમિક શિક્ષક | –"– |

કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

## :: પત્રક–(૨) ::

| **સેમી સ્કીલ્ડ લેબર** | | |
|---|---|---|
| અ.નં. | જગ્યાનું નામ | લઘુત્તમ લાયકાત |
| ૧. | ૨. | ૩. |
| ૧. | રસોયા | જે તે જગ્યા માટે નિયત કર્યા મુજબની શૈક્ષણિક લાયકાત |
| ૨. | મુકાદમ | –"– |
| ૩. | જીનીગ (ચરખા ચલાવનાર) | –"– |
| ૪. | ટાંગાવાળો (કાંચમેન) | –"– |
| ૫. | ડીઝલ વિતરક | –"– |
| ૬. | ખારેકની કામગીરી કરનાર | –"– |
| ૭. | કંડકટર | –"– |
| ૮. | પોલીનેટર (નાળીયેરી માટે) | –"– |
| ૯. | વાવણી કરનાર પુરૂષ | –"– |
| ૧૦. | માળી ટ્રેઈન્ડ | –"– |
| ૧૧. | સાથી / ખેડકાર્ય કરનાર / ખેડૂત | –"– |
| ૧૨. | લાયબ્રેરી સર્ટી હોલ્ડર | –"– |
| ૧૩. | દુધ દોહનાર | –"– |
| ૧૪. | પંપ ઓપરેટર / એન્જીન ઓપરેટર / બોર ઓપરેટર / ઓપરેટર / મિલ્ક રેકોર્ડર | –"– |
| ૧૫ | આસીસ્ટન્ટ કમ્પાઉન્ડર, કોલેજના ગ્રાઉન્ડમેન, ગ્રીન હાઉસ ઓપરેટર / કેરટેકર, મલ્ટીપર્પઝ મીકેનીક, રંગકામ કરનાર (પેઈન્ટર), પાર્ક / ગાર્ડન કીપર | –"– |

કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

## :: પત્રક–(૩) ::

| અનસ્કીલ્ડ લેબર | | |
|---|---|---|
| અ.નં. | જગ્યાનું નામ | લઘુત્તમ લાયકાત |
| ૧. | ૨. | ૩. |
| ૧. | વાછરડા સંરક્ષક | જે તે જગ્યા માટે નિયત કર્યા મુજબની શૈક્ષણિક લાયકાત |
| ૨. | વેટરનરી ડ્રેસર / ડ્રેસર | –"– |
| ૩. | પશુ સારવાર / હેલ્પર | –"– |
| ૪. | દૂધ વિતરક | –"– |
| ૫. | ભરવાડ / ગોવાળ | –"– |
| ૬. | વોચમેન / ચોકીદાર / દેખરેખ રાખનાર | –"– |
| ૭. | નાળીયેરી ઉતારનાર / પારખનાર | –"– |
| ૮. | વાલ્વ ઓપરેટર | –"– |
| ૯. | લેબ.એટેન્ડન્ટ / લેબ.બોય | –"– |
| ૧૦. | દવા છાંટનાર | –"– |
| ૧૧. | વિયાણ સહાયક, કાલ્વીંગ / વીનીંગ એટેન્ડન્ટ | –"– |
| ૧૨. | પટાવાળા | –"– |
| ૧૩. | માળી અન ટ્રેઈન્ડ | –"– |
| ૧૪. | સ્વીપર (સ્ત્રી / પુરૂષ) | –"– |
| ૧૫. | રોજમદાર ફીલ્ડમેન / ફીલ્ડ કલેકટર / ફીશરીઝ | –"– |
| ૧૬. | અળસીયાનું ખાતર બનાવવાની કામગીરી, એમ.આઈ.એસ.ને લગતી ફીલ્ડની કામગીરી, છાણ વાસીદું કરનાર<br>(૩૦ અથવા તેથી વધારે ગાય ભેંસ રાખતી ગૌશાળા માટે) | –"– |
| ૧૭. | પક્ષી સારવાર હેલ્પર, પોલીનેટર સહાયક, બાલમંદિર તેડાગર (સ્ત્રી /પુરૂષ), સર્જરી વિભાગ માટે એટેન્ડન્ટ, બુલોકમેન, પાણીવાળી / વાળા એટેન્ડન્ટ, કેરટેકર, ગટર કામ કરનાર, ચાફ કટર ઓપરેટર, મેશ એટેન્ડન્ટ | –"– |

કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

**આ યુનિવર્સિટી હસ્તકની જુદી જુદી કચેરીઓમાં "સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર" ની કામગીરી માટે સેવાઓ પૂરી પાડવા અંગેની પ્લેસમેન્ટ એજન્સી નકકી કરવા અંગેની બોલીઓ અને શરતો :–**

..........................................................................................................

૧. એજન્સીએ ઈ–ટેન્ડરથી ટેન્ડર ભરવાનું રહેશે.

૨. તમામ ઈ–ટેન્ડર સાથે રૂ.૫૦૦૦/– **(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** ની ઈ–ટેન્ડર ફી પેટે **"ડીમાન્ડ ડ્રાફટ" "સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"** ના નામનો Payable at **એસ.બી.આઈ., દાંતીવાડા**નો મોકલવાનો રહેશે, આ સિવાયના ઈ–ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર ફી ટેન્ડર માન્ય અથવા અમાન્ય ઠરે તો પણ પરત કરવામાં આવશે નહી.

૩. ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર મોકલતી વખતે **રૂા.૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) પેટે "સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"** ના નામનો એસ.બી.આઈ., દાંતીવાડા ખાતે ચુકવણી થઈ શકે તે પ્રકારનો **"ડીમાન્ડ ડ્રાફટ"** ટેકનીકલ બીડ સાથે મોકલી આપવાનો રહેશે. જે રકમ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત ચૂકવવામાં આવશે. જયારે જે એજન્સીનું ટેન્ડર માન્ય ઠરશે તે એજન્સી ધ્વારા **રૂા.૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) એફ.ડી.આર.** સ્વરૂપે સિકયોરીટી ડીપોઝીટ **દિન–૦૫** માં યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ જ તેની ઈ.એમ.ડી.ની. રકમ પરત ચૂકવવામાં આવશે અને જરૂરીયાત મુજબ વર્કઓર્ડર આપવામાં આવશે. જો માન્ય ઠરેલ એજન્સી જરૂરીયાત મુજબના ઈસમો માટે ટેન્ડર મુજબની કામગીરી કરવાની ના પાડશે અથવા તો નિયત સમયમર્યાદામાં સિકયોરીટી ડીપોઝીટની એફ.ડી. જમા કરાવશે નહી, તો ઈ.એમ.ડી.ની રકમ જપ્ત કરવામાં આવશે અને તેનો કરાર રદ કરવામાં આવશે અને સદર કરાર બાબતે તેઓ કોઈ હકકદાવો કરી શકશે નહી તેમજ તે એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

૪. સીકયોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયા બાદ વસુલાતની ચકાસણી થયા પછી કામગીરી સંતોષકારક જણાયે ૯૦ દિવસમાં પરત ચૂકવવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહિ.

૫. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની કામગીરી માટેના ઈસમોને મીનીમમ વેજીસ એકટ મુજબ ચૂકવવાપાત્ર રકમ તથા એજન્સી તરફથી પૂરા પાડવામાં આવતા **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની કામગીરી માટેના ઈસમોના ખર્ચ પેટે ચૂકવવાપાત્ર સર્વિસ ચાર્જની રકમ ટેન્ડરમાં અલગથી દર્શાવવાની રહેશે.

૬. સરકારશ્રીની જોગવાઈ અનુસાર સર્વિસ ટેક્ષ / જી.એસ.ટી. આકારવાનો રહેશે.

૭. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની કામગીરી માટે સેવાઓ પૂરી પાડવા અંગે ભારત સરકારશ્રી / ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ અથવા અન્ય સંબંધિત વિભાગ ધ્વારા માન્ય રજીસ્ટર્ડ / લાયસન્સ ધરાવતી એજન્સીઓ જ ઈ–ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. એજન્સીએ શ્રમ અને રોજગાર વિભાગ અથવા અન્ય સંબંધિત વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાયસન્સની નકલ ઈ–ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે. એજન્સીને કોન્ટ્રાકટ મળ્યા બાદ યુનિવર્સિટીના ઉપરોકત નિયમો અને શરતોનો સમાવેશ કરતું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર એગ્રીમેન્ટ આપવાનું રહેશે, જેનો ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે.

૮. ઉચ્ચ ગુણવત્તા પ્રમાણિત કરતી હોય તેવી સરકાર માન્ય સંસ્થા જેવી કે, આઈ.એસ.ઓ.૯૦૦૦ અથવા તેને સમકક્ષ સેવાઓની ગુણવત્તા માટેનું સર્ટીફીકેટ ધરાવતી એજન્સીઓ ઈચ્છનીય છે અને આવી એજન્સીને પ્રાધાન્ય આપવામાં આવશે.

૯. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓને **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર** ની કામગીરીની સેવાઓ માટે આ સાથે સામેલ **પત્રક–૧, પત્રક–૨ અને પત્રક**–૩ માં દર્શાવ્યા મુજબના ઈસમો પૈકી જરૂરીયાત મુજબના ઈસમો માસિક મહેનતાણાના આધારે વધુમાં વધુ ૧૧ માસ અથવા જે તે કચેરીની જરૂરીયાત મુજબ તેથી ઓછા સમયગાળા માટે પૂરા પાડવાના રહેશે.

૧૦. રસ ધરાવતી **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની સેવાઓ પૂરી પાડતી એજન્સીઓ તેમના ધ્વારા નિયુકત કરવામાં આવનાર **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોને ચુકવવાપાત્ર માસિક મહેનતાણા ઉપરાંત ઈ.પી.એફ., વિમો, જી.એસ.ટી. / સર્વિસ ટેક્ષ અને સર્વિસ ચાર્જ સહિત તાંત્રિક પ્રકારની સેવાઓ પૂરી પાડવા માટેના ભાવ આપવાના રહેશે. પૂરા પાડેલ તમામ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંપૂર્ણ જવાબદારી **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પૂરી પાડતી એજન્સીની રહેશે. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોને ચૂકવવા અંગેનો તમામ વૈધાનિક ખર્ચ જેવા કે, કામદાર પેન્શન ફંડ (ઈ.પી.એફ.), બોનસ વગેરે ચૂકવવાની જવાબદારી પણ એજન્સીની રહેશે.

૧૧. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સેવાઓ અંગેનો કોન્ટ્રાકટ નકકી કરતાં પહેલાં કોઈપણ કારણ દર્શાવ્યા વિના કે કોઈપણ સમયે ઈ–ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. તેથી આવા કારણોસર કોઈપણ એજન્સી કોઈ વાદ–વિવાદ ઉભો કરી શકશે નહી અને જો કોઈ વાદ–વિવાદ ઉભો કરશે, તો પણ તે અંગે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની જવાબદારી રહેશે નહી.

૧૨. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની કામગીરી માટેના ઈસમો પૂરા પાડતી એજન્સીએ **"લેબર કોન્ટ્રાકટ એમ્પ્લોયમેન્ટ એકટ"** ની તમામ શરતો / નિયમોનો અને **પી.એફ.ના નિયમો**નો અમલ કરવાનો રહેશે.

૧૩. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પૂરા પાડવાના થાય ત્યારે એજન્સીએ પૂરા પાડેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો યુનિવર્સિટી નકકી કરે તે પસંદગી સમિતિ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે અને પસંદગી સમિતિ પસંદ કરે તેવા જ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોને મેરીટના આધારે પુરા પાડવાના રહેશે.

૧૪. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની સેવા પૂરી પાડતી એજન્સી ભારતના કાયદા કાનૂન અંતર્ગત સંચાલિત હોવી જોઈશે તેમજ સદર કાયદાઓને બંધનકર્તા અને તેના આધિન રહેશે.

૧૫. એજન્સીના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની નોકરી અને તેને આનુસાંગીક કોઈપણ બાબત જેવી કે, માલિક અને નોકરના સબંધ અથવા તો કોઈ અન્ય બાબતો અંગે યુનિવર્સિટીની કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહિ. એજન્સીના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સેવા બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેમાં યુનિવર્સિટીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહિ.

૧૬. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને પૂરા પાડેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોના વિવાદ માટે જવાબદાર રહેશે નહિ. તેમજ આવા **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો કોઈપણ સંજોગોમાં કે કોઈપણ રીતે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કર્મચારી તરીકેના દાવેદાર થઈ શકશે નહિ.

૧૭. એજન્સીને સોંપેલ કોન્ટ્રાકટ અન્વયે કરવામાં આવતા ચૂકવણામાંથી સરકારશ્રીના પ્રવર્તમાન નિતિ–નિયમો તથા તેમાં વખતો વખત થતા સુધારા મુજબના કરવેરાની કપાત દરેક મહિને કરવામાં આવશે.

૧૮. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની સેવાઓ પૂરી પાડતી એજન્સીએ તેના ધ્વારા રોકવામાં આવેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોના વેતનનું ચૂકવણૂં જે તે મહિનાની ૫મી તારીખ સુધી કરવાનું રહેશે અને ત્યારબાદ જ પુરા પાડેલ ઈસમોનું બીલ કચેરીમાં રજુ કરવાનું રહેશે.

૧૯. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પૂરા પાડતી એજન્સીને સરકારી/ અર્ધસરકારી અથવા મોટી સંસ્થાને ઓછામાં ઓછા **૧૫૦ સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સેવાઓ પૂરી પાડવાનો લઘુત્તમ ત્રણ વર્ષનો અનુભવ ઈચ્છનીય છે, તેમજ તેઓએ જે સરકારી/અર્ધસરકારી અથવા મોટી સંસ્થાઓમાં **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની કામગીરીની સેવા પૂરી પાડેલ હોય તેવી ત્રણ સંસ્થાઓના જરૂરી દસ્તાવેજ પુરા પાડવાના રહેશે.

૨૦. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પૂરા પાડતી એજન્સીના કોઈપણ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમને અકસ્માત કે માંદગી થાય તો તે અંગે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ તથા તે અંગે કોઈપણ જાતનું વળતર યુનિવર્સિટી ધ્વારા ચૂકવવામાં આવશે નહિ.

૨૧. એજન્સી ધ્વારા માસિક જરૂરીયાત મુજબના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો યુનિવર્સિટીને પૂરા પાડવાના રહેશે અને કોઈપણ દિવસે એજન્સી **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પૂરા પાડી ન શકે તો સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને યોગ્ય જણાય તે રીતે એજન્સી પાસેથી દંડ વસુલી શકશે.

૨૨. એજન્સી ધ્વારા પુરા પાડવામાં આવેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોને કરારની શરતોને આધીન તેઓની સંખ્યા તથા નામ મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સદરહુ રજીસ્ટરની નકલ દર માસે બીલ સાથે જોડવાની રહેશે.

૨૩. સરકારશ્રીના વખતો વખતના નિયમો મુજબ આ રીતે રોકવામાં આવેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો માટે પ્રોવિડન્ડ ફંડ, બોનસ, વ્યવસાયવેરો, આવકવેરા કપાત, લેબર કાયદો તથા વિમો, વિગેરેના તમામ નિયમોનો અમલ કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે એજન્સીની રહેશે અને તેનો અમલ કર્યા અંગેના આધારો સહીત યુનિવર્સિટીને ખાત્રી કરાવવાની રહેશે. આ કોન્ટ્રાકટ (અગીયાર માસ) ના સમય દરમ્યાન સરકારશ્રી તરફથી આ સમયગાળા માટે જો લઘુતમ વેતનમાં વધારો સરકારી જાહેરનામા દ્રારા કરવામાં આવશે તો જે તે કક્ષાના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો માટે નકકી થયા મુજબનો વધારો આ યુનિવર્સિટી દ્રારા ચુકવવામાં આવશે. જો કે એકવાર આ કોન્ટ્રાકટનો અગીયાર માસનો સમય પૂર્ણ થયા પછી કોઈપણ સમયગાળા માટે કોઈ વધારો જાહેર થાય તો તેની

ચુકવણી કરવાની જવાબદારી ઈસમો પુરા પાડનાર એજન્સીની રહેશે. તેમજ તે સબબ યુનિવર્સિટી દ્વારા કોઈ ચુકવણું કરવામાં આવશે નહી.

૨૪. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહિ. કરાર અન્વયે સુવિધા / સેવા પૂરી પાડવા રોકવામાં આવેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોને સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચૂકવવાની જવાબદારી સંપૂર્ણપણે એજન્સીની રહેશે.

૨૫. એજન્સી ધ્વારા ફરિયાદપોથી અને માંગણી રજુઆત મળ્યા અંગેનું એક રજીસ્ટર તેમની કેમ્પ ઓફીસ ખાતે નિભાવવાનું રહેશે.

૨૬. એજન્સીએ ઈન્કમટેક્ષ ઓફિસરનું કરવેરા મુકિત અંગેનુ પ્રમાણપત્ર મેળવી લેવાનુ રહેશે અન્યથા આવકવેરા / જી.એસ.ટી.ના નિયમો અનુસાર કરવેરાની કપાત તેમના માસિક ચૂકવણામાંથી કરવામાં આવશે.

૨૭. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો પૂરા પાડનાર એજન્સીના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો ધ્વારા યુનિવર્સિટીની સંપત્તિને જો કોઈ નુકશાન કરવામાં આવશે અથવા તેમની ફરજ દરમ્યાન યુનિવર્સિટીની માલ–મિલ્કતની ચોરી, તોડફોડ, વિગેરે ધ્વારા થયેલ નુકશાનીની વસુલાત એજન્સી પાસેથી કરવામાં આવશે તથા તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૨૮. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની સેવાઓ પૂરી પાડનાર એજન્સીના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો ધ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુનિવર્સિટીની મિલ્કતો સહિત કોઈપણ સાધન સામગ્રી કે સેવાને, સરકારી રેકર્ડ કે અધિકારી/ કર્મચારીઓની વસ્તુને થયેલ તમામ નુકશાની ભરપાઈ કરવાની જવાબદારી એજન્સીની રહેશે.

૨૯. **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની ફરજો અને સમય યુનિવર્સિટીના જણાવ્યા મુજબ ગોઠવવાની રહેશે. આકસ્મિક સંજોગોમાં તથા કામની અગત્યતાને ધ્યાને લઈ કામકાજના કલાકો ઉપરાંત પણ કામગીરી લેવામાં આવે ત્યારે યુનિવર્સિટી તરફથી વધારાનું કોઈ મહેનતાણું ચૂકવવામાં આવશે નહિ, તેમજ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોએ સમયનું પાલન કરવાનું રહેશે અને સોંપેલ ફરજ ચુસ્તપણે બજાવવાની રહેશે.

૩૦. યુનિવર્સિટી પોતાની જરૂરીયાત મુજબના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકશે.

૩૧. આ કરારનામું કરાર થયાની તારીખથી અગિયાર માસ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતીથી સદરહું કરાર એજન્સીની સંતોષકારક કામગીરીને ધ્યાને લઈ વધુ અગિયાર માસ માટે અથવા નવો કોન્ટ્રાકટ અમલમાં આવે ત્યાં સુધી (બેમાંથી જે ઓછું હોય તે) માટે લંબાવી શકાશે.

૩૨. **જરૂર પડે એક માસની મુદતની નોટીસ આપી એજન્સીની સેવા સમાપ્ત કરી શકાશે.**

૩૩. જો એજન્સીને કોઈપણ સરકારી કચેરી/સંસ્થાએ ભૂતકાળમાં બ્લેકલીસ્ટમાં મૂકેલ હશે અથવા તો તેમની કામગીરી અસંતોષકારક જણાતાં તેનો કરાર સમયમર્યાદા પૂરી થયા પહેલાં રદ કરેલ હશે, તેવી એજન્સી આ કરાર મેળવવા હકદાર રહેશે નહિ અને પાછળથી તે બાબત ઘ્યાનમાં આવે તો પણ યુનિવર્સિટી તેનો કરાર રદ કરી શકશે.

૩૪. એજન્સીએ પૂરા પાડેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોનો ગૃપ / પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વીમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

૩૫. આ કરાર બિન તબદીલ પાત્ર છે. તેથી **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સેવા પૂરી પાડનાર એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી.

૩૬. જો એજન્સી **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સેવા સંતુષ્ટ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નિવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ જણાશે, તો એજન્સીની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે. આ બાબતે **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ની કામગીરીની સેવા આટોપી લેવા એક માસની લેખિત નોટીસ આપવામાં આવશે તેમજ સદર કારણોસર કરારની અવધિ પુરી થતાં પહેલાં કરાર રદ કરવાના કારણે એજન્સીને થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહી.

૩૭. જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેણે ત્રણ માસની નોટીસ આપવી પડશે. આવી નોટીસ આપ્યા વિના એજન્સી ઘ્વારા સેવા આપવાનું બંધ કરી દેવામાં આવે તો તે પરિસ્થિતિમાં તેની સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૩૮. એજન્સી માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોનો કોઈ હકક–દાવો રહેશે નહી.

૩૯. ફરજના સ્થળે આવવા–જવાની વ્યવસ્થા **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોએ પોતે અથવા એજન્સીએ કરવાની રહેશે. યુનિવર્સિટી તરફથી આવી કોઈ વ્યવસ્થા કરી આપવામાં આવશે નહી.

૪૦. કોન્ટ્રાકટની કોઈપણ શરતના અર્થઘટન કરવા બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે નિર્ણય લેવાની આખરી સત્તા યુનિવર્સિટીની રહેશે.

૪૧. ટેન્ડર અંગે કોઈ પત્ર–વ્યવહાર કે ફોન કરવા નહી, કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવીત કરવાનો પ્રયત્ન તે ગેરલાયક ગણાશે અને તેમનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૪૨. યુનિવર્સિટી અને એજન્સી વચ્ચે કરારની કોઈ જોગવાઈના પાલન બાબતે કે અન્ય કોઈ વહીવટી બાબતે કોઈ પ્રશ્ન ઉભા થાય તો તે સબબ આ યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને અબાધિત રહેશે.

૪૩. કરારની મુદત દરમિયાન એજન્સી સેવા પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો યુનિવર્સિટીએ નવી એજન્સી નકકી કરવાની ટેન્ડર પ્રક્રિયા અંગે થનાર સમગ્ર ખર્ચ જે તે એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

૪૪. એજન્સી ઘ્વારા તેમના **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો માટે યુનિવસિટીના કોઈપણ સ્થળનો રહેઠાણ તરીકે ઉપયોગ કરી શકશે નહી.

૪૫. એજન્સીએ રાખેલા **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોનો પાછલો રેકોર્ડ ગુનાહિત ન હોવા અંગેનું પોલીસ વેરીફીકેશન કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે.

૪૬. એજન્સી યુનિવર્સિટીના કેન્દ્રોમાં **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમોની સેવાઓ પૂરી પાડવા અંગેની કામગીરી સિવાયની અન્ય કોઈ પ્રવૃત્તિ, ધંધો, વ્યવસ્થા કરી શકશે નહી અને જો તેમ કરતા માલૂમ પડશે તો એજન્સીએ તેમને કામગીરીમાંથી બેદખલ કરવાના રહેશે. અન્યથા એજન્સીના કરારનો અંત કરી તેની સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવાની કાર્યવાહી યુનિવર્સિટી કરશે.

૪૭. એજન્સીના માલિક કે તેમના ધ્વારા પૂરા પાડવામાં આવેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો યુનિવર્સિટીમાં પ્રતિબંધિત ચીજ–વસ્તુ, ખાદ્ય પદાર્થ, પીણું લાવી શકશે નહી.

૪૮. અધુરી, અસ્પષ્ટ કે સંદિગ્ઘ ભાષામાં ટેન્ડર ભરનાર એજન્સીનું ટેન્ડર રદબાતલ ગણાશે.

૪૯. એજન્સીએ પૂરા પાડેલ ઈસમોના ટેલીફોન/મોબાઈલ નંબર તેમના તાત્કાલિક સંપર્ક માટે સંબંધિત કચેરીને પૂરા પાડવાના રહેશે.

૫૦. એજન્સી ધ્વારા પૂરા પાડવામાં આવેલ **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારના** ઈસમોને બોનસ દર માસના પગાર બીલમાં આકારીને ચુકવવાનું રહેશે.

૫૧. ઈ.પી.એફ.ના કોલમમાં ઈ.પી.એફ.ની રકમ અને ભરેલ રકમની કૌંસમાં ટકાવારી ફરજીયાત દર્શાવવાની રહેશે.

૫૨. બોનસના કોલમમાં બોનસની રકમ અને ભરેલ રકમની કૌંસમાં ટકાવારી ફરજીયાત દર્શાવવાની રહેશે.

૫૩. ટેન્ડર સાથે સામેલ **પત્રક–૧** મુજબની જગ્યાઓનો સમાવેશ સ્કીલ્ડ લેબરમાં, **પત્રક–૨** મુજબની જગ્યાઓનો સમાવેશ સેમી સ્કીલ્ડ લેબરમાં અને **પત્રક–૩** મુજબની જગ્યાઓનો સમાવેશ અનસ્કીલ્ડ લેબરમાં થશે.

૫૪. જે તે સંવર્ગના કરાર આધારીત **સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકાર**ના ઈસમો માટે સરકારશ્રી ધ્વારા વખતો–વખત નકકી કરેલ દર મુજબ મુસાફરી ભથ્થું સામાન્ય દરે ચુકવવાપાત્ર થશે. મુસાફરી ભથ્થાંની રકમ ઉપર એજન્સીએ કોઈપણ જાતનો ચાર્જ આકારવાનો રહેશે નહી.

૫૫. કરાર આધારીત રોકવામાં આવનાર ઈસમોને પ્રતિમાસ વધુમાં વધુ ૨૬ દિવસનું વેતન ચૂકવવાપાત્ર થશે.

૫૬. કરાર આધારીત રોકવામાં આવનાર ઈસમોને માસિક એક પરચુરણ રજા (સી.એલ.) મળવાપાત્ર થશે.

૫૭. કરાર આધારીત રોકવામાં આવનાર ઈસમોના વિમા માટે વિમામાં ઈસમોને કયા કયા લાભો મળવાપાત્ર થાય છે, તેનું અલાયદી પત્રક ટેકનીકલ બીડ સાથે જોડવાનું રહેશે. વધુમાં કઈ કંપનીનું વિમા કવચ છે, જે આધાર સહ રજુ કરવાનું રહેશે.ત્યારબાદ વિમા પોલીસીનું ચૂકવેલ પ્રિમિયમ ચૂકવવામાં આવશે.

૫૮. યુનિવર્સિટીએ ચૂકવેલ બોનસ, વિમો, જી.એસ.ટી., ઈ.પી.એફ. જે તે સંસ્થામાં જમા કર્યા અંગેના આધાર આગામી મહિનાના બીલ સાથે રજુ કરવાના રહેશે. જો આધાર પુરા પાડેલ નહી હોય તો બીલ પાસ કરવામાં આવશે નહીં, જેની સઘળી જવાબદારી એજન્સીની રહેશે.

કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

ઉપરોકત શરતો અને બોલીઓ મને / અમોને સ્વીકાર્ય છે.

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

## :: ટેન્ડરની અન્ય વિગતો ::

## (૧) નિવિદાના દસ્તાવેજો ડાઉનલોડ કરવા અંગે.

૧. નિવિદાના તમામ દસ્તાવેજો www.nprocure.com તેમજ www.sdau.edu.in ની વેબસાઈટ ઉપર જોવા મળશે.

૨. સદર નિવિદા અન્વયે ભાગ લેવા ઈચ્છતી એજન્સીની નોંધણી www.nprocure.com ની વેબસાઈટ ઉપર થયેલ હોવી જોઈશે.

## (૨) ફાઈનાન્શીયલ બીડ રજુ કરવા અંગે

૧. **એજન્સી ધ્વારા પ્રાઈસ બીડની (ઓનલાઈન સબમીટ કર્યા મુજબ) નકલ સીલબંધ કવરમાં અધિકૃત વ્યકિત ધ્વારા સબમીશનની છેલ્લી તારીખ :–૨૩/૦૪/૨૦૧૮ ના ૧૮.૦૦ કલાક સુધીમાં કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરની કચેરી અથવા રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, પહેલો માળ, કૃષિ ભવન, સેકટર–૧૦–એ, ગાંધીનગર ખાતે રૂબરૂમાં સબમીટ કરવાની રહેશે અન્યથા ઓફર રદ થવાને પાત્ર ઠરશે.**

૨. ડીજીટલ સહી વિનાનાં ટેકનીકલ / પ્રાઈઝ બીડ અસ્વિકૃત ગણાશે.

૩. nprocure પર મળેલ પ્રાઈઝ બીડ અને રૂબરૂમાં કચેરીમાં જમા કરાવાયેલ બીડમાં ફેરફાર હશે તો તેવું પ્રાઈઝ બીલ અમાન્ય ગણાશે. એક વખત ટેન્ડર ડોકયુમેન્ટસ આ કચેરીએ જમા કરાવ્યા બાદ તેમાં કોઈ જ પ્રકારે ફેરફાર કરી શકાશે નહી કે વધારાના ડોકયુમેન્ટસ સ્વીકારવામાં આવશે નહી.

## (૩) ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય દસ્તાવેજો રજુ કરવા અંગે.

૧. ટેન્ડર ફી પેટે **"સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ" ના નામનો Payable at રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો ભારતીય સ્ટેટ બેંક, દાંતીવાડા શાખા** ખાતે ચૂકવવા પાત્ર **"ડીમાન્ડ ડ્રાફટ"** ટેકનીકલ બીડ સાથે રજુ કરવાનો રહેશે. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ બાદ ઈસ્યુ થયેલ ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવામાં આવશે નહી અને આવો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરનાર એજન્સીનું ટેન્ડર ખોલ્યા વિનાજ રદ કરવામાં આવશે.

૨. **ઈ.એમ.ડી. પેટે રૂા.૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા) નો "સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ" ના નામનો ભારતીય સ્ટેટ બેંક, દાંતીવાડા** ખાતે ચૂકવવા પાત્ર **"ડીમાન્ડ ડ્રાફટ"** ટેકનીકલ બીડ સાથે રજુ કરવાનો રહેશે. વિકલ્પે ઈ.એમ.ડી. હિસાબ નિયામકશ્રીની કચેરીમાં રોકડા જમા કરાવી શકાશે. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ બાદ ઈસ્યુ થયેલ ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવામાં આવશે નહી અને આવો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરનાર એજન્સીનું ટેન્ડર ખોલ્યા વિના જ રદ કરવામાં આવશે.

## (૪) ટેન્ડર ખોલવા અંગે.

૧. ટેકનીકલ બીડ નિવિદામાં દર્શાવેલ તારીખ અને સમયે કુલસચિવશ્રીની કચેરી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે નિયત કમિટીની હાજરીમાં ખોલવામાં આવશે.

૨. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમયે સરદારકૃષિનગર ખાતે ટેન્ડર ભરનાર એજન્સીના માલીક અથવા તેના નિયત કરેલ પ્રતિનિધિએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

૩. આવેલ ટેકનીકલ બીડોની નિવિદામાં દર્શાવેલ તારીખ અને સમયે ચકાસણી થયા બાદ જે એજન્સીઓના ટેકનીકલ બીડ માન્ય ઠરશે, તે એજન્સીઓના જ ઓનલાઈન રજુ કરેલ ફાઈનાન્શીયલ બીડ નિવિદામાં દર્શાવેલ તારીખ અને સમયે ઉપર દર્શાવેલ nprocureની કચેરી ખાતે ખોલવામાં આવશે.

૪. આવા nprocure ખાતે ખોલેલ L1 થી L3ના ભાવોની નિયત તારીખ/સમયે આ કચેરી ખાતે સબંધિત ત્રણેય એજન્સીના માલિકો પૈકી જે હાજર રહે તેની રૂબરૂમાં આ કચેરીમાં જમા કરાવવામાં આવેલ ફાયનાન્શીયલ બીડ સાથે સરખામણી કરવામાં આવશે. જો તેમાં ફેરફાર જણાશે તો સબંધિત એજન્સીનું બીડ અમાન્ય ગણાશે.

**(૫) <u>સંપર્ક અધિકારી અંગે.</u>**

સદર નિવિદા અંગેની વધુ માહિતી / જાણકારી માટે **"કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, જિ.બનાસકાંઠા"** ની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

**(૬) <u>જનરલ સુચનાઓ.</u>**

૧. ઓનલાઈન ટેન્ડર માટે ભરેલ ટેન્ડર ફી કોઈપણ સંજોગોમાં પરત ચૂકવવામાં આવશે નહી.

૨. દરેક એજન્સીએ નિવિદા સાથે સામેલ તમામ શરતો અને બોલીઓનો પૂરતો અભ્યાસ કરીને જ ઓનલાઈન ટેન્ડર ભરવાનું રહેશે.

**કુલસચિવ**
**સ.દાં.કૃષિ યુનિવર્સિટી**
**સરદારકૃષિનગર**

**ઉપરોકત શરતો અને બોલીઓ મને / અમોને સ્વીકાર્ય છે.**

**ટેન્ડર ભરનાર**
**એજન્સીની સહી અને સિકકો**

| Item Number | Item Description | Quantity (only figures) | Tender Rate ( Upto 2 Decimals ) | EPF Amount as per Government Rules ( Upto 2 Decimals ) (  %) | Amount for Workman Insurance (risk cover for individual claim) as per Government Rules. ( Upto 2 Decimals ) | Amount for Bonus as per Government Rules ( Upto 2 Decimals ) (  %) | Amount for Other Taxes as per Government Rules Service Tax/G.S.T. (C.G.S.T. & S.G.S.T.) ( Upto 2 Decimals ) (  %) | Amount for Service Charge ( Upto 2 Decimals ) (  %) | Total Amount ( Upto 2 Decimals ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Amount payable to **Skilled** per Person per day | 1.00 | 0.00 | 0.00 (  %) | 0.00 | 0.00 (  %) | 0.00 (  %) | 0.00 (  %) | 0.00 |

| Item Number | Item Description | Quantity (only figures) | Tender Rate ( Upto 2 Decimals ) | EPF Amount as per Government Rules ( Upto 2 Decimals ) ( %) | Amount for Workman Insurance (risk cover for individual claim) as per Government Rules. ( Upto 2 Decimals ) | Amount for Bonus as per Government Rules ( Upto 2 Decimals ) ( %) | Amount for Other Taxes as per Government Rules Service Tax/G.S.T. (C.G.S.T. & S.G.S.T.) ( Upto 2 Decimals ) ( %) | Amount for Service Charge ( Upto 2 Decimals ) ( %) | Total Amount ( Upto 2 Decimals ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Amount payable to **SemiSkilled** per Person per day | 1.00 | 0.00 | 0.00 ( %) | 0.00 | 0.00 ( %) | 0.00 ( %) | 0.00 ( %) | 0.00 |

| Item Number | Item Description | Quantity (only figures) | Tender Rate ( Upto 2 Decimals ) | EPF Amount as per Government Rules ( Upto 2 Decimals ) ( %) | Amount for Workman Insurance (risk cover for individual claim) as per Government Rules. ( Upto 2 Decimals ) | Amount for Bonus as per Government Rules ( Upto 2 Decimals ) ( %) | Amount for Other Taxes as per Government Rules Service Tax/G.S.T. (C.G.S.T. & S.G.S.T.) ( Upto 2 Decimals ) ( %) | Amount for Service Charge ( Upto 2 Decimals ) ( %) | Total Amount ( Upto 2 Decimals ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Amount payable to **UnSkilled** per Person per day | 1.00 | 0.00 | 0.00 ( %) | 0.00 | 0.00 ( %) | 0.00 ( %) | 0.00 ( %) | 0.00 |